E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 344 * Date: 04.10.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ખાસ જાતિના કેદીઓ પાસે ગટર સાફ કરાવવી ખોટું: સુપ્રીમ



સુપ્રીમ કોર્ટે જેલ મેન્યુઅલમાંથી જ્ઞાતિ ભેદભાવ વધારતા નિયમોને દૂર કરવા જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે કેટલાંક રાજ્યોને જાતિના આધારે જેલમાં કામની વહેંચણી ન કરવાનો નિર્દેશ આપ્યો છે.જાતિના આધારે જેલમાં કામની વહેંચણીને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે ગુરુવારે આદેશમાં કહ્યું હતું કે આ બાબતોને મંજૂરી આપી શકાય નહીં - ૧૭ રાજ્યની જેલોમાં કેદીઓ સાથે ભેદભાવ હકીકતમાં આ મામલો પત્રકાર સુકન્યા શાંતાએ ઉઠાવ્યો હતો. તેમણે ડિસેમ્બર ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટમાં - દાખલ કરી અને દલીલ કરી કે દેશનાં લગભગ ૧૭ રાજ્યની જેલોમાં બંધ કેદીઓ સાથે જાતિ આધારિત ભેદભાવ થઈ રહ્યો છે.આ અંગે પહેલી સુનાવણી જાન્યુઆરી ૨૦૨૪માં થઈ હતી. કોર્ટે ૧૭ રાજ્યને નોટિસ મોકલી તેમનો જવાબ માગ્યો છે. છ મહિનાની અંદર માત્ર ઉત્તરપ્રદેશ, ઝારખંડ, ઓડિશા, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળે જ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો.પિટિશનર સુકન્યા શાંતા માનવ અધિકાર કાયદા અને સામાજિક ન્યાય સંબંધિત મુદ્દાઓ પર લખે છે. પોતાના સમાચારથી તેમણે જેલમાં જાતિ ભેદભાવનો મુદ્દો ઉઠાવ્યો હતો. ૨૦૨૦માં આ મુદ્દે એક રિસર્ચ રિપોર્ટ પણ તૈયાર કર્યો હતો. રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતના ૧૭ રાજ્યમાં કેદીઓને તેમની જાતિના આધારે કામની વહેંચણી કરવામાં આવે છે. સુકન્યાનો આ અહેવાલ 'ધ વાયર' પર પ્રકાશિત થયો હતો.

રાજસ્થાન: રાજસ્થાનના કેદીઓ વાળંદ હોય તો વાળ અને દાઢી કાપવાનું કામ મળે; સાથે જ બ્રાહ્મણ કેદીને રસોઈ બનાવવાનું કામ પણ મળે છે. વાલ્મીકિ સમાજના કેદીઓ સફાઈ કરે છે.કેરળ: કેરળમાં રીઢો ગુનેગાર અને પુનરાવર્તિત ગુનેગાર વચ્ચે તફાવત કરવામાં આવે છે. રીઢો ડાકુઓ અથવા ચોરોને વિવિધ કેટેગરીઓમાં વહેંચવામાં આવ્યા હતા. બાકીનાથી અલગ રાખ્યા. ઉત્તરપ્રદેશ: ઉત્તરપ્રદેશ જેલ મેન્યુઅલ, ૧૯૪૧ કેદીના જાતિ પૂર્વગ્રહો જાળવવા અને તેમને જાતિના આધારે સફાઈ, રક્ષા અને સફાઈકામને આધીન કરવાની જોગવાઈ કરે છે.ડિસેમ્બર ૨૦૨૩માં આ મામલે અરજી દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૧૦ મહિનામાં સુનાવણી પૂરી કરી. ૧૦ જુલાઈના રોજ છેલ્લી સુનાવણી દરમિયાન કોર્ટે ઉત્તરપ્રદેશ જેલ નિયમોની કેટલીક જોગવાઈઓ પણ કોર્ટમાં વાંચી હતી.

આ પછી ઝત્નૈની અધ્યક્ષતાવાળી બેન્ચે પશ્ચિમ બંગાળના વકીલોને જેલના નિયમો પણ વાંચવા કહ્યું. ત્યાં પણ જેલના નિયમોમાં સફાઈકર્મચારી કોણ હોવો જોઈએ એનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ વાંચીને બેન્ચે પૂછ્યું કે શું તમને આમાં કોઈ સમસ્યા દેખાતી નથી? સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે જેલના આ નિયમો ખૂબ જ પીડાદાયક છે.ગૃહ મંત્રાલયે ફેબ્રુઆરીમાં જાહેર કરી નોટિસ, કહ્યું- ભેદભાવ ગેરકાયદે કેન્દ્ર સરકારે આ વર્ષે ફેબ્રુઆરીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિફિકેશન બહાર પાડ્યું હતું. એમાં કહેવામાં આવ્યું છે કે મંત્રાલયના ધ્યાનમાં આવ્યું છે કે કેટલાંક રાજ્યોના જેલ મેન્યુઅલ કેદીઓને જાતિ અને ધર્મના આધાર વહેંચે છે અને તેમને સમાન આધાર પર કામ સોંપે છે. જાતિ, ધર્મ, જાતિ, જન્મસ્થળના આધારે ભેદભાવ છે.

### મહિલાઓ નવરાત્રિમાં મોડું થાય તો ગભરાશો નહી

## હેલ્પલાઈન ૧૦૦ નંબર ડાયલ કરતા જ પોલીસનું વાહન આવી ઘર સુધી મુકી જશે



આજથી નવરાત્રિનો શુભારંભ થયો છે એટલે વહેલી પરોઢ સુધી શહેરના વિવિધ પાર્ટીપ્લોટ, ક્લબ, સોસાયટી, શેરીઓમાં ગરબા થવાના છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે માટે પોલીસે માઈક્રો લેવલની તમામ તૈયારીઓ કરી દીધી છે. પોલીસ આજથી નવ દિવસ સુધી એલર્ટ મોડ પર છે અને આફતમાં ફસાયેલી યુવતીઓ હેમેખેમ ઘર સુધી પહોંચાડવામાં મદદરૂપ થવાની છે. જો ગરબા રમતા રમતા મોડી રાત થઈ ગઈ હોય અને કોઈ જગ્યાએ ફસાયા હોય તેવા સંજોગોમાં ગભરાવવાની કે મુંઝાવાની જરૂર નથી. માત્ર પોલીસ હેલ્પલાઇન નંબર ૧૦૦ ઉપર સંપર્ક કરશો તો પોલીસ વાહનની મદદ મળી જશે. પોલીસ તેમના વાહનમાં બેસાડીને યુવતી કે મહિલાને તેમના ઘર સુધી મુકી જશે. મોડીરાતથી પોલીસ કર્મચારીઓ સતત પેટ્રોલિંગ કરશે અને મહિલાઓની રક્ષા કરશે.આજે પહેલું નોરતું છે અને ખૈલેયાઓથી ગરબાનાં ગ્રાઉન્ડ ઉભરાઈ જશે. ત્યારે તેમની સુરક્ષા કરવાની જવાબદારી પોલીસ વિભાગની છે. શહેરની તમામ પોલીસ આજથી ગરબાના ગ્રાઉન્ડ તેમજ રસ્તા ઉપર સ્ટેન્ડબાય થઈ જવાની છે અને કોઈ બનાવ ન બને તેનું પૂરતુ ધ્યાન રાખવાની છે. નવરાત્રિના નવ દિવસ સુધી પોલીસ આખી રાત પેટ્રોલિંગ કરશે અને મુસીબતમાં ફસાયેલા લોકોની મદદે આવશે. આ સિવાય તોફાની તત્વોનો કંટ્રોલ કરવાનું પણ કામ કરશે. ગરબામાં દરમિયાનમાં કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોલીસે માઈક્રો લેવલનું પ્લાનિંગ કરી દીધું છે. પોલીસ સ્પેશિયલ ટીમો બનાવી દીધી છે અને તેમને અલગ અલગ ટાસ્ક આપી દીધા છે. દારૂડિયાઓને પકડવા, રોમિયોને પકડવા તેમજ તોફાન મચાવતા નબીરાઓને ઝડપી લેવા જેવા અનેક ટાસ્ક ઉચ્ચ અધિકારીઓ દ્વારા પોલીસ કર્મચારીઓને આપી દેવાયા છે. રાતથી પોલીસની શી ટીમ ટ્રેડિશનલ કપડા પહેરીને ગરબે ઘૂમશે અને રોમીયોગીરી કરતા તત્વો ઉપર નજર રાખશે. પોલીસે ખાસ એક્શન પ્લાન બનાવી દીધો છે. જેમાં કોઈ પણ ગુનેગારો નફ્ફટાઇ કરશે તો તેની સીધી અટકાયત કરવામાં આવશે.જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રાજ્ય સરકાર દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિતના દિગ્ગજ નેતા હાજરી આપવાના છે. ત્યારે ઠેર ઠેર પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. મુશ્કેલીમાં ફસાયેલી મહિલાઓની પોલીસ જરૂર મદદ કરશે. જો મહિલા ફસાઈ હોય અને ઘરે જવામાં તકલીફ થતી હોય તો તેમને પોતાના ઘરે જવું હોય તો પોલીસ તેમના વાહનમાં બેસાડીને લઈ જશે.

## બ્યુટીપાર્લરનું કામ છોડાવતા ઘરમાં ઝઘડો શરૂ કર્યો, પતિ સહિત પરિવાર પર ત્રાસ ગુજારતા સસરાએ એસિડ પી લેતા મોત




નારોલમાં પુત્રવધૂના ત્રાસથી કંટાળીને સસરાએ આપઘાત કર્યો છે. પુત્રવધુનું બ્યુટીપાર્લરનું કામ બંધ કરાવી દેતા તેણે ઘરમાં કકળાટ શરૂ કરી દીધો હતો. પુત્રવધૂએ એટલી હદે ત્રાસ આપ્યો કે તેનો દીયર અને દેરાણી ઘર છોડીને બીજે રહેવા માટે જતા રહ્યા હતાં, જ્યારે તેના પતિ ઉપર પણ હુમલો કરતી હતી. પુત્રવધૂએ પતિને નખ મારીને લોહીલુહાણ કરતા તેને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પુત્રવધૂએ ઘરમાં ગણેશ સ્થાપના કરવાનો પણ ઈન્કાર કરી દીધો હતો અને દેરાણીનું શ્રીમંત કરવાની પણ ના પાડી દીધી હતી. પુત્રવધૂએ એટલી હદે ત્રાસ આપ્યો કે, સસરાએ પહેલા સુસાઇડ નોટ લખી અને બાદમાં એસીડ પીને આપઘાત કરી લીધો હતો. આ મામલે નારોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.નારોલ વિસ્તારમાં આવેલા આર્યમાન હાઇટ્સમાં રહેતા જીગ્નેશ વાઘેલાએ નારોલ પોલીસ સ્ટેશનમાં પત્નિ મીનાક્ષી ઉર્ફે પીકી વાઘેલા વિરૂદ્ધ આત્મહત્યાની દુષપ્રેરણાની ફરિયાદ કરી છે. જીગ્નેશ રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવે છે. જીગ્નેશ પત્નિ મીનાક્ષી, પિતા દશરથભાઇ, માતા લત્તાબેન, ભાઇ પ્રકાશ સાથે ખોખરાગામમાં રહેતો હતો. બે વર્ષ પહેલાજ તે સંયુક્ત પરિવાર સાથે આર્યમાન હાઇટ્સ ખાતે રહેવા આવ્યા છે. જીગ્નેશના પિતા દશરથભાઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઇ કામદાર તરીકે નોકરી કરતા હતા. જીગ્નેશના લગ્ન કૃષ્ણનગર ખાતે રહેતી મીનાક્ષી સાથે વર્ષ ૨૦૦૯માં સામાજીક રીતરીવાજ મુજબ થયા હતા. જીગ્નેશ અને મીનાક્ષીને ત્રણ દીકરીઓ છે.

મીનાક્ષી બ્યુટીપાર્લરનું કામ કરતી હતી, જેથી તે થોડા સમય પહેલા જીગ્નેશ તેમજ ઘરના સભ્યોને કહ્યા વગર સુરત ઓર્ડરમાં જતી રહી હતી. ઓર્ડરમાં ગયા બાદ જીગ્નેશે તારીખ ૧૫ માર્ચના રોજથી તેનું બ્યુટીપાર્લરનું કામ બંધ કરાવી દીધુ હતું. બ્યુટીપાર્લરનું કામ બંધ થઇ જતાની સાથેજ મીનાક્ષીએ ઘરકામ અને જમવાનુ બનાવવા જેવી બાબતોને લઇને ઘરમાં ઝગડા શરૂ કરી દીધા હતા. મીનાક્ષી સાસુ, સસરા તેમજ પતિ અને દીયરનું માન રાખ્યા વગર જેમફાવે તેમ બોલતી હતી. આટલેથી ન અટકતા મીનાક્ષીએ જીગ્નેશ ઉપર ઘરમાં હુમલો પણ કર્યો હતો અને નખ મારીને ઈજાગ્રસ્ત કર્યો હતો. જીગ્નેશને નખ વાગતા તેણે એલજી હોસ્પિટલમાં સારવાર પણ કરાવી હતી. મીનાક્ષી કહ્યામાં ન રહી અને તેણે જીગ્નેશને અડધુત કરવાનો શરૂ કરૂ દીધો હતો અને ઘરમાં કોઇની વાત માનતી નાહોતી.૧૪ જુલાઇના રોજ જીગ્નેશ માતા-પિતા સાથે કાકાની ખબર પૂછવા માટે ખોખરા ગયા હતા. ખબર કાઢીને તે પરત આવ્યા, ત્યારે મીનાક્ષીએ ઘરનો દરવાજો બંધ કરી દીધો હતો. જીગ્નેશે દરવાજો ખખડાવ્યો પરંતુ મીનાક્ષીએ નહી ખોલતા અંતે તેણે પોલીસ કંટ્રોલરુમમાં ફોન કરીને જાણ કરી હતી. પોલીસની ટીમ આવી જતા મીનાક્ષીએ ઘરનો દરવાજો ખોલ્યો હતો. મીનાક્ષીના ત્રાસથી પતિ જીગ્નેશ, લત્તાબેન, દશરથભાઇ, પ્રકાશ અને તેની પત્નિ કંટાળી ગયા હતા. મીનાક્ષીના કારણે પ્રકાશ તેની પત્નિને લઇને સીટીએમ ખાતે તેના મોટાભાઇના ઘરે રહેવા માટે જતો રહ્યો હતો. મીનાક્ષી તેના સાસુ સસરાને વધારે હેરાન કરતી હતી.

ત્રણ દિવસમાં અલગ રહેવા જવાની જીદ પકડી

૪ સ્પટેમ્બરના રોજ દશરથભાઈએ મીનાક્ષીના માતા-પિતાને લાંભા મંદિર ખાતે મિંટિગ કરવા માટે બોલાવ્યા હતા. મીનાક્ષીએ સમાજના આગેવાનો સમક્ષ જણાવ્યુ હતુ કે, મારે આ બધા સાથે રહેવુ નથી, એકલાએ રહેવુ છે. જીગ્નેશે મીનાક્ષીને સમજાવી હતી અને એક મહિનો સારી રીતે રહ્યા બાદ અલગથી રહેવાની બાહેધરી આપી હતી. જીગ્નેશની વાત સાંભળીને મીનાક્ષીએ જીદ પકડી હતી કે, મારે ત્રણ દિવસમાં અલગ રહેવા જવાનું છે. આ સાથે સમાજના આગેવાનોની સામે મીનાક્ષીએ કહ્યુ હતું કે, ઘરમાં કોઇ ગણપતની સ્થાપના કરવાની નથી અને દેરાણી વર્ષાનું શ્રીમંત પણ હું આ ઘરમાં નહી કરવા દઉં.

## પોરબંદરની યુવતીના ન્યૂડ ફોટા વાઈરલ કરવાની ધમકી આપતા આત્મહત્યા કરી



પોરબંદરમાં રહેતી અને ખાનગી શિક્ષિકા તરીકે ફરજ બજાવતી યુવતીના ન્યૂડ ફોટા વાઇરલ કરવાની ધમકી આપવામાં આવતા યુવતીએ રાજકોટમાં ઝેરી ટુકડા ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. યુવતીએ એમ.કોમ.બીએડનો અભ્યાસ કર્યો હતો. ગત ડીસેમ્બર ૨૦૨૩માં રાજકોટ ખાતે આત્મહત્યા કરી લીધી હતી. ત્યારબાદ તેના ભાઇના મોબાઇલ નંબર ઉપર અજાણ્યા લોકોના ફોન આવતા હતા અને તેની બહેનના ન્યૂડ ફોટા વાઇરલ કરવાની ધમકી આપી ૧૯.૧૮ લાખ રૂપિયા પડાવી લીધા હતા. જેથી મૃતકના ભાઇએ ફરિયાદ નોંધાવી હતી.મુળ પોરબંદરનો વતની અને કુડાસણમાં રહીને અભ્યાસ કરતા આશરે ૨૩ વર્ષિય યુવકે ફરિયાદ નોંધાવી હતી કે, તેના મોટા બહેન વર્ષ ૨૦૨૩માં રાજકોટમાં આવેલી એક શાળામાં અભ્યાસ કરવા ગયા હતા. તે સમયે તેને ખાનગી શાળામાં નોકરી પણ ચાલુ કરી હતી. દોઢ વર્ષ સુધી ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરી હતી અને ઘરે ખાનગી ટ્યુશન ચલાવતી હતી.જયારે વર્ષ ૨૦૨૩ ડીસેમ્બર મહિનામાં ઝેરી ટીકડા ખાઇને આત્મહત્યા કરી લીધી હતી. તે સમયે રાજકોટ ભક્તિનગર પોલીસ મથકમાં અકસ્માતે મોતનો ગુનો નોંધાવ્યો હતો. જ્યારે મૃતકનો ભાઇ એમએસસી બાયોટેકનો અભ્યાસ કરવા ગાંધીનગર આવ્યો હતો અને કુડાસણમાં રહેતો હતો. ત્યારે તેના મોબાઇલમાં અજાણ્યા નંબર ઉપરથી વોટ્સએપ ઉપર તેની બહેનના ન્યૂડ ફોટા મોકલવામાં આવ્યા હતા. અલગ અલગ ૬૪ મોબાઇલ નંબર ઉપરથી ભાઇનામોબાઇલ નંબર ઉપર ન્યૂડ ફોટા મોકલ્યા હતા.

## તંત્રી સ્થાનેથી..

# હવે ગૂગલ પે પર ગોલ્ડ લોન પણ મળશે

ફોર ઈન્ડિયા' ઈવેન્ટ શરૂ થઈ ગઈ છે. આ ઈવેન્ટનું આ ૧૦મું વર્ષ છે. આ ઈવેન્ટમાં, જેમિની છૈં હિન્દી અને અન્ય ૮ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ થવાની જાહેરાત કરવામાં આવી હતીગૂગલની ૪ મોટી જાહેરાત ગૂગલ પે પર હવે ગોલ્ડ લોન પણ મળશે, મુથૂટ ફાઈનાન્સ સાથે ભાગીદારી દેશભરના ઁક્ષજ્ઞી ઙ્ઘઅ વપરાશકર્તાઓ માટે હવેથી ગોલ્ડ લોન ઉપલબ્ધ થશે. આ માટે ગૂગલે મુથૂટ ફાઈનાન્સ સાથે ભાગીદારી કરી છે. લોન માટેની પ્રક્રિયા શું હશે તે અંગેની માહિતી કંપનીએ પોતે આપી નથી. ગૂગલ પેએ પણ તેની લોન મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરી દીધી છે.

ગૂગલે ભારતમાં તેના સસ્ટેનેબિલિટી ગોલ હાંસલ કરવા માટે અદાણી ગ્રુપ અને ક્લિયરમેક્સ સાથે ભાગીદારી કરી છે. આ અંતર્ગત ગુજરાતના ખાવડામાં ૬૧.૪ મેગાવોટનો સોલાર-વિન્ડ હાઈબ્રિડ પ્લાન્ટ, રાજસ્થાનમાં ૬ મેગાવોટનો સોલાર પ્લાન્ટ અને કર્ણાટકમાં ૫૯.૪ મેગાવોટનો વિન્ડ પ્લાન્ટ સ્થાપવામાં આવશે.

# અનેક સરપંચોએ ઇકોઝોન વિરુદ્ધમાં ઠરાવ પસાર કરતા આપનેતા પ્રવીણ રામે જાહેર કરેલ અભિયાનને વેગ મળ્યો

કેન્દ્ર સરકાર દ્વારા ઈકોઝોન માટે બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં ગીર સોમનાથ,જૂનાગઢ અને અમરેલી જિલ્લાના ૧૯૬ જેટલા ગામડાઓનો સમાવેશ થતાં ખુબ મોટા પાયે ગ્રામ્ય લેવલ પર આક્રોશ જોવા મળી રહ્યો છે, તેમજ આ આક્રોશ દિવસેને દિવસે વધી રહ્યો છે,ગઈ કાલે તાલાલા ,વિસાવદર અને ખાંભાના અનેક સરપંચોએ ગ્રામસભામાં ઈકોઝોનની વિરુદ્ધમાં ઠરાવ પસાર કરતા સમગ્ર વિસ્તારમાં ઈકોઝોન નાબૂદ કરવાની માંગ વધારે મજબૂત બની છે

અંદાજિત ૮ વર્ષ પહેલા લડત લડી ઈકોઝોન જેવા કાળા કાયદાને સ્થગિત કરાવનાર લોકનેતા પ્રવીણ રામે આ વખતે પણ સૌથી પહેલા ઈકોઝોન જેવા કાયદાનો જાહેરમાં વિરોધ કરી ૨ ઓક્ટોમ્બર અને ગાંધીજયંતીના દિવસથી તમામ ૧૯૬ ગામના લોકો માટે મુખ્ય ૨ પ્રોગ્રામો જાહેર કર્યા હતા ,પ્રથમ પ્રોગ્રામ એ હતો કે ૨ ઓક્ટોમ્બર અને ગાંધીજયંતીના દિવસથી તમામ પંચાયતોમાં ઈકોઝોન વિરુદ્ધમાં ઠરાવ થાય તેમજ તમામ ગ્રામજનો વ્યક્તિગત વાંધા અરજી મેઈલ દ્વારા અથવા પોસ્ટ દ્વારા કેન્દ્ર સરકારને મોકલે અને આ અભિયાન સતત ૧૫ દિવસ સુધી ચલાવવાની આપનેતા પ્રવીણ રામે જાહેરાત કરી હતી ત્યારે આ અભિયાનના પ્રથમ દિવસે જ તાલાલા તાલુકાના ભોજદે,સાસણ, ભાલછેલ, ચિત્રાવડ, બોરવાવ તેમજ વિસાવદર તાલુકાના ખાંભા,લીલીયા,મોટી મોણપરી, બરડીયા, કાકચીયાળા, રાજપરા,જાંબુડી અને રતાંગ તેમજ ખાંભા તાલુકાના ચકરાવા તેમજ બીજા અનેક ગામોમાં ઈકોઝોન વિરુદ્ધનો ઠરાવ પસાર થતા પ્રવીણ રામના આ અભિયાનને વેગ મળ્યો છે તેમજ બીજા પ્રોગ્રામ મુજબ લોકો નવરાત્રીમાં ઈકોઝોન નાબૂદ કરવાના બેનર સાથે ગરબા રમશે એવી જાહેરાત કરી હતી ત્યારે જોવુ એ રહ્યું કે હવે આ બીજો પ્રોગ્રામ કેટલો વેગ પકડે છે

પરંતુ આપ નેતા પ્રવીણ રામના આ અભિયાનો જેટલા વેગ પકડશે એટલી જ ચિંતા ભાજપ માટે વધવાની છે કારણકે ઈકોઝોનના મુદ્દાને લઈને જૂનાગઢ અને ગીર સોમનાથના જિલ્લા પ્રમુખ ભાજપને લેટર લખી ઈકોઝોન નાબૂદ કરવા માટે રજુવાત કરતા ભાજપમાં જ આ કાયદાને લઈને અસહમતી હોય એવું સ્પષ્ટ દેખાઈ આવે છે ત્યારે આ બાબતે આપ નેતા પ્રવીણ રામે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે એક બાજુ ભાજપ જ આવો કાળો કાયદો લગાડે છે અને બીજી બાજુ ભાજપના પ્રમુખો આ કાયદા રદ કરવા માટે રજુવાતો કરે છે , આ રમત કોઈ રીતે સમજાતી નથી અને વધુમાં એમને જણાવ્યું કે જે કોઈ રમત હોય પણ એટલી તો ચોક્કસ વાત છે કે ભાજપના પ્રમુખોએ આ કાયદો રદ કરવાની માંગણી કરી મતલબ કે આ કાયદો લોકોને નુકશાનકર્તા છે તો પછી ભાજપના પ્રમુખોની વાત માની ભાજપ સરકારે લોકોને નુકસાનકર્તા હોય એવા ઈકોઝોનના કાયદાને તાત્કાલિક ધોરણે રદ કરવો જોઈએ

પ્રવીણ રામ

# સંપૂર્ણ આહાર : દૂધ
## ગૌ માતાનું દૂધ : સર્વશ્રેષ્ઠ દૂધ

દૂધ એ 'સંપૂર્ણ આહાર' તરીકે ઓળખાય છે. તેમાં વિટામિન 'સી' સિવાય તમામ વિટામિન રહેલા છે. સામાન્ય રીતે ભેંસ, ગાય અને બકરીના દૂધનો ઉપયોગ આહાર તરીકે થાય છે, જેમાં ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દૂધને ખોરાકમાં રાજા ગણવામાં આવે છે, કારણકે દૂધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દૂધથી શરીરને ભરપુર માત્રામાં કેલ્શીયમ મળે છે. દૂધમાં પ્રોટીનની માત્રા પણ સારા પ્રમાણમાં છે. સામાન્યરીતે તેમાં ૮૫% જેટલું પાણી હોય છે અને બાકીનાં ભાગમાં તમામ પોષક તત્વો હોય છે. દૂધમાં પ્રોટીન, કેલ્શીયમ તેમજ રીબોફ્લેવીન(વિટામીન બી) સૌથી વધારે પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત વીટામીન એ, ડી, કે અને ઈ તથા ફૉસ્ફરસ, મૅગ્નેશીયમ, આયોડીન તેમજ અન્ય ખનીજો અને ચરબી હોય છે. દૂધમાં રહેલું પ્રોટીન ઈન્ફેકશનથી પણ બચાવે છે. ઘણી એવી માન્યતાઓ છે કે દુધ કેલ્શિયમનાં કારણે સફેદ હોય છે, પરંતુ એવું નથી ગાયના દુધમાં દર લિટરે ૧.૨૭ ગ્રામ કેલ્શિયમ અને ૩૩ ગ્રામ કે તેથી વધુ પ્રોટીન હોય છે. પ્રોટીનની ઘણી જાત છે. પરતું દુધમાં કેસીન જાતનું પ્રોટીન હોય છે. આ જાતનું પ્રોટીન બીજા કોઈપણ ખાદ્યપદાર્થમાં હોતું નથી. કેસીનની હાજરીથી દુધનો રંગ સફેદ હોય છે. ગાયનાં દૂધ કરતાં ભેસનાં દુધમાં કેસીનનું પ્રમાણ વધુ હોવાથી ભેસનું દૂધ વધુ સફેદ હોય છે. આયુર્વેદના જુદા જુદા ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ દૂધમાં ગાયનાં દૂધને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ચરક સંહિતામાં જણાવ્યા મુજબ 'ગવ્યં દશગુણં પયઃ' એટલે કે ગાયનાં દૂધમાં દસ ગુણ છે. મહર્ષિ ચરક અન્નપાન વિધિ વિષેનાં અધ્યાય (સૂત્રસ્થાન-અધ્યાય ૨૭)માં દૂધને 'ક્ષીરં જીવયતિ' કહીને તે જીવનદાતા હોવાનું જણાવે છે. દુધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપુર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દુધમાં તમામ પોષક તત્વો હાજર હોય છે. આયુર્વેદ પ્રમાણે કહેવાય છે કે સવારે ખાલી પેટ દૂધ ન પીવું જોઈએ. સવારે દૂધ પીનારને ગેસની સમસ્યા થઈ શકે છે, પણ જેમની પાચનશક્તિ સારી છે તે સવારે નિયમિત રીતે દૂધ પી શકે છે. વ્યાયામ કરનારા લોકો માટે સવારે દૂધ પીવું નુકસાનદાયક નથી. નાસ્તો કર્યા બાદ મતલબ ચટપટુ કે નમક, મસાલાવાળી વસ્તુઓ સાથે કે તે ખાધા પછી દૂધ ન પીવું જોઈએ. તેનાથી નુકસાન થઈ શકે છે. સૂતી સમયે દૂધ પીવાની એક શરત છે કે સાંજનું ભોજન કર્યા બાદ ત્રણ કલાક થઈ જવા જોઈએ, જેથી અમાશય ખાલી થઈ ચૂક્યું હોય. સૂતી વખતે દૂધ પીવાથી લાભ થાય છે, કારણ કે દૂધ પીધા બાદ સૂઈ જવાથી કોઈ પદાર્થ પેટમાં જતો નથી અને દૂધ સહેલાઈથી પચી જાય છે અને ગુણકારી રહે છે.

મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# વિશ્વ શાંતિ દૂત આચાર્ય લોકેશજીએ ગાંધી મંડેલા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ગાંધી જયંતિ કાર્યક્રમમાં સંબોધન કર્યું

"અહિંસા વિશ્વ ભારતી" અને "વિશ્વ શાંતિ કેન્દ્ર"ના સ્થાપક જૈન આચાર્ય ડો.લોકેશજીએ "વિશ્વ અહિંસા દિવસ" નિમિત્તે ગાંધી મંડેલા ફાઉન્ડેશન દ્વારા આયોજિત કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે હાલમાં વિશ્વના વિવિધ ભાગોમાં યુદ્ધ ચાલી રહ્યું છે એટલે લોકો હિંસાથી ભયભીત છે.

યુદ્ધ અને હિંસાનો ઉકેલ અહિંસાનો માર્ગ અપનાવવાથી જ શક્ય છે. આ પ્રસંગે મેજર જનરલ બી.કે. શર્મા, ગાંધીવાદી ડો. સવિતા સિંહ, શ્યામ જાજુ અને એડવોકેટ નંદન ઝાએ પણ સભાને સંબોધી હતી.

વિશ્વ શાંતિ દૂત આચાર્ય લોકેશજી મહાત્મા ગાંધીની ૧૫૫મી જન્મજયંતિના કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યું કે તેમણે વિશ્વના અનેક મંચો પરથી અહિંસા અને શાંતિનો સંદેશ આપ્યો છે. ભારતનો અહિંસા અને શાંતિનો સંદેશ વિશ્વ માટે જરૂરી છે, એક ભારતીય હોવાને કારણે અહિંસાનો માર્ગ અપનાવીને તેને વિશ્વમાં ફેલાવવાની આપણી ફરજ બને છે.

ગાંધીવાદી ડો.સવિતા સિંઘે જણાવ્યું હતું કે, "સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વિશ્વના અનેક દેશોએ મહાત્મા ગાંધીની જન્મજયંતિને વિશ્વ અહિંસા દિવસ તરીકે સ્વીકારી હતી. આ ભારત માટે ગર્વની વાત છે."મેજર જનરલ બી.કે. શર્માએ જણાવ્યું હતું કે, "મહાત્મા ગાંધીએ અહિંસાના માર્ગે લોકોના હૃદયમાં દેશભક્તિ અને દેશભક્તિની ભાવના જાગૃત કરી હતી. જેના કારણે આજે પણ ભારતના લોકો દેશની પ્રગતિ માટે પ્રયત્નશીલ છે.

શ્રી શ્યામ જાજુજીએ કહ્યું કે, "ભારત દ્વારા દર્શાવવામાં આવેલ 'વસુધૈવ કુટુમ્બકમ' એક એવો વિચાર છે જે વિશ્વને એક પરિવાર માને છે અને બધાના કલ્યાણની વાત કરે છે અને તેમની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટેઆગળ વધેછે. આ પ્રસંગે દુબઈથી આવેલા બાળ પ્રેરક વક્તાઓ જૈનમ અને જીવિકા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા આઈટીબીપીના ૮૬ તાલીમાર્થી અધિકારીઓને ડિપ્લોમાથી સન્માનિત કરવામાં આવ્યા

, રાજસ્થાન-૧ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ એક મહત્વપૂર્ણ પ્રસંગે, ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (આઈટીબીપી) ના આઠ છ તાલીમાર્થી અધિકારીઓએ તેમની સખત તાલીમ પૂર્ણ કર્યા પછી, ઔપચારિક પાસિંગ આઉટ પરેડ દરમિયાન રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીમાંથી સંકલિત સુરક્ષા વ્યવસ્થાપન અને વહીવટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેળવ્યો. આ સમારોહ માત્ર સઘન તાલીમ કાર્યક્રમનો અંત જ નહી પરંતુ ભારતના સુરક્ષા માળખામાં મહત્વપૂર્ણ ભૂમિકામાં સેવા આપવા માટે તેમની પ્રતિબદ્ધતાની શરૂઆત પણ દર્શાવે છે.

આસબ-ઈન્સ્પેક્ટર દ્વારા તેમની તાલીમ દરમિયાન પ્રદર્શિત કરવામાં આવેલા સમર્પણ, દ્રઢતા અને સખત મહેનતનું પ્રમાણ હતું. આ તાલીમ તેમને વિવિધ ક્ષેત્રોમાં આવશ્યક કુશળતાથી સજ્જ કરે છે જેમાં અદ્યતન સરહદ વ્યવસ્થાપન, અદ્યતન સુરક્ષા અભ્યાસ, બળ વહીવટ અને લડાઈ કુશળતાનો સમાવેશ થાય છે. આજે સુરક્ષા દળો દ્વારા સામનો કરવામાં આવતી બહુપક્ષીય પડકારોનો સામનો કરવા માટે આ ક્ષમતાઓ મહત્વપૂર્ણ છે.આ સમારંભમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર (આઈ/સી) ડૉ.ધર્મેશ કુમાર પ્રજાપતિ અને રાજસ્થાનના અલવારમાં સેન્ટ્રલ ટ્રેનિંગ કોલેજ (સીટીસી) ના આઈટીબીપીના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) શ્રી ઓ. પી. યાદવ સહિતના પ્રતિષ્ઠિત મહેમાનોએ ભાગ લીધો હતો.

પોતાના સંબોધનમાં ડૉ. પ્રજાપતિએ તાલીમાર્થીઓની સમગ્ર તાલીમ સમયગાળા દરમિયાન તેમની પ્રતિબદ્ધતા માટે પ્રશંસા કરી હતી. તેમણે વૈશ્વિક શક્તિ કેન્દ્ર તરીકે ભારતના ઉદભવના સંદર્ભમાં તેમની તાલીમના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, જ્યાં આંતરિક અને બાહ્ય બંને સુરક્ષા પડકારો ઉભા થવાના છે. પ્રજાપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પડકારોનો જવાબ સક્રિય તાલીમ અને તૈયારીમાં છે, જેના માટે ભારતના માનનીય પ્રધાનમંત્રી, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે, આરઆરયુની કલ્પના કરી હતી, જે ઉપાધ્યક્ષ પ્રોફેસર ડૉ.બિમલ એન પટેલના નેતૃત્વમાં તેની ક્ષિતિજને





વિસ્તૃત કરી રહી છે. તેમણે એ પણ નોંધ્યું હતું કે ૧ ઓક્ટોબર, આરઆરયુનો સ્થાપના દિવસ હોવાથી, રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવા માટે તાલીમમાં શ્રેષ્ઠતા માટે આરઆરયુની પ્રતિબદ્ધતાનું આ પ્રસંગ વધુ પ્રતીકાત્મક બન્યું હતું.

# ફૂટબોલની મેચમાં ફટાકડા??

રાજુ રદી ફૂટબોલને કીક મારીને ગોલ કરવાના અપ્રતિમ, હિંસક, જંગલી ઝુનુન સાથે મારા ઘરમાં જેમ ખેલાડી પેનલ્ટીને ગોલમાં ફેરવે તેમ પ્રવેશી ગયો. હું ડીફેન્ડર-ગોલકીપર હોવા છતાં રાજુને રોકી શકવામાં ધરાર અસમર્થ રહ્યો. રાજુ રદી નમાજ પઢવાની મુવમેન્ટ દેખાડી મારા ઘરની ટાઈલ્સને ચૂમતો હતો!!

" ગિરધરભાઈ . ફૂટબોલ અને ફટાકડા વચ્ચે કેવો સંબંધ? "રાજુએ જોરથી પ્રશ્નને કીક મારી.

" નહાવા કે નિચોવવાનો સંબંધ નહીં. આડો કે ઉભો,સીધો કે ત્રાંસો, વ્યસ્ત કે સહસંબંધ નહીં" મેં રાજુની સવાલના ફૂટબોલની કીકને રેત કરી ગોલ કરવાના પ્રયત્નને વિફળ બનાવ્યો.

" પણ ક્રિકેટમાં?" રાજુ રદીએ રમત બદલી.

" જો, રાજુ. આઈપીએલમાં ફટાકડી જેવી પીનઅપ ગર્લસને ચિયર ગર્લસ તરીકે રાખવામાં આવે છે. તેને જોઈને રસિકજનોને બિયર પીધાની, રસિકજનોની ભાર્યાને ટિયર/ ફિયરની અનુભૂતિ થાય છે અને એ રિયરવાટ પકડે છે તે અલગ વાત છે.એમ તો ઉતરાયણ અને ફટાકડાને વચ્ચે કોઈ સંબંધ કયાં છે? તો પણ સાંજ પડતાં જ આકાશ રંગબેરંગી ફટાકડાના પ્રકાશથી ભરાઈ જાય છે."મેં રજનું ગજ, વાતનું વતેસર કર્યુ.

"ગિરધરભાઈ, ગુજરાતમાં ફૂટબોલ ઓછું રમાય છે. પશ્ચિમ બંગાળમાં તેનો ગાંડપણ કરતાં પણ હદ બહારનો ક્રેઝ છે. તેનું કારણ?"રાજુએ મને ફાઉલ કરવા સવાલનો દડો હાથમાં થમાવવા ટ્રાય કરી.

" રાજુ. સવાલ એટિટયુડનો છે. ગુજરાતમાં વેપાર હોબે કે દાળભાત હોબેનું ચલણ છે. પશ્ચિમ બંગાળમાં ખેલા હ ા ે બ ે ન ુ ં જોરદાર,દમદાર,અસરદાર ઝુનુન છે!!" મેં રાજ્યોની બે સંસ્કૃતિનો ભેદ સ્પષ્ટ કર્યો.

"ગિરધરભાઈ,યુએફા યુરોપા લીગમાં ફ્રેન્ચ કલબ માર્સેલ અને તુર્કીની ગેલેટેસરાયની મેચની આડત્રીસમી મિનિટે દર્શકોએ વગર દિવાળી કે ક્રિસમિસે સામસામા ફટાકડા ફેંકવાનું શરૂં કરતા સ્ટેડિયમમાં ધૂમાડો થતાં મેચ રોકવી પડી. ૯ મિનિટ બાદ શરૂ થયેલી મેચમાં પણ ફટાકડાનો ઉપદ્રવ જારી રહ્યો" રાજુએ મેચમાં ફટાકડા વૃતાંત રજૂ કર્યો.

" જો,ભાઈ રાજુ ફૂટબોલનો ઈતિહાસ ખંગાળીએ તો તોફાન, દર્શકાથડામણ ફટાકડાની કોઈ નવાઈ નથી. ફૂટબોલની મેચોમાં હિંસક અથડામણ.,મારામારીને હુલગેનીઝમ કહે છે.જે રાઉડી આઈરીશ ફેમિલીની અટક પરથી આવેલ હોવાનું મનાય છે.ઈંગ્લેંન્ડના રાજા એડવર્ડ બીજા અને ત્રીજાએ ફૂટબોલની મેચમાં હિંસક અથડામણોના કારણે ફૂટબોલ પર પ્રતિબંધ મુકેલો હતો.પ્રેક્ષકો,ખેલાડીઓની મારામારી,અથડામણને કારણે હજારો દર્શકોએ જાનથી હાથ ધોવા પડેલા હતા.

ઈસ્તંબુલમાં ૫૩૨ માં બ્લુઝ અને ગ્રીનઝ વચ્ચેની મેચમાં નીકા રાયોટ થયેલ હ ૧૮૮૫માં એસ્ટોન વીલા અને પ્રેસ્ટોન નોર્થ એન્ડવચ્ચેની મેચમાં પ્રેક્ષકોના મરણ થયેલ હતા.ફૂટબોલની મેચોમાં ફટાકડા ફેંકવાની કાંઈ પહેલી ઘટના નથી.એજેકસ અને પીઈસી વચ્ચે ૨૦૧૩-૧૪ના કેએનવીબી કપની ફાઈનલ મેચ ડે-કુઈપ ( ઢ્રીૅ) ખાતે રમાયેલી હતી. જેમાં કેનનબોલ ફેંકવામાં આવેલ. આ સિવાય ઘણી મેચોમાં ફટાકડા ફોડવામાં આવેલ." મેં વિકકીપીડીયા ખોલી કાઢ્યું" ગિરધરભાઈ , આપણી દામ્પત્યની મેચોમાં પહેલા જ દિવસથી ટેટા ફૂટવા માંડે છે .એ કદી અટકતા નથી. દામ્પત્યની મેચો હંમેશા હિંસક અને લોહિયાળ રહી છે" સૂતળી બોમ્બ ફોડતો હોય તેમ રાજુ રદી બોલ્યો. " બેટમજી એના માટે પરણવું પડે! તારા કિસ્સામાં તો લીલ પરણાવવી પડશે!!?

રાજુ આડી ફાટેલી હવાઈ કે ત્રાંસા થયેલા રોકેટની પ્રચંડ ગતિથી મારા ઘરની દિવાલ-દરવાજા સાથે અથડાતો- કૂટાતો તેના ઘર તરફ ધસી ગયો!!!

ભરત વૈષ્ણવ

# વણિકોમાં શાહ અટક ક્યારથી અને કેવી રીતે આવી તે વણિકો જરૂર વાચે

શાહ અટક;

ગુજરાતી હિંદુઓમાં શાહ અટક માત્ર વણિક કોમમાં જ જોવા મળે છે. શાહ એટલે વાણિયો એવી માન્યતા રૃઢ થઈ ગઈ છે. વહાણે ચડીને વિદેશો સાથે વેપાર કરનાર 'વહાણિયા' પરથી વાણિયા અટક આવી હોવાનું કહેવાય છે. આપણે ત્યાં વાણિયાના નામની આગળ શાહ ઉપનામ ઘણું કરીને લગાડવામાં આવે છે. જો તેની બીજી કોઈ અટક હોય તો તેના નામને અંતે મૂકાય છે. વાણિયાના નામની મોખરે શાહ શબ્દ મુકાવો જ જોઈએ એવી પ્રથા છે એમ શ્રી રતિલાલ નાયક નોંધે છે. તેઓ કહે છે કે આ શાહ અટક શા ઉપરથી પડી તે સંબંધી અનેક તર્કવિતર્કો થયા છે. મુસલમાન લોકોમાં પણ શાહ અટક છે.

વણિકોમાં શાહ અટક ક્યારથી અને કેવી રીતે આવી એની વાત 'મિરાતે-સિકંદરી'ના કર્તા આ પ્રમાણે નોંધે છે. ૧૫મી સદીના ઉત્તરાર્ધમાં અહમદશાહ પછીના સુલતાનોમાં મહમૂદશાહ 'બેગડો' થઈ ગયો. એણે જૂનાગઢ અને પાવાગઢ એમ બે ગઢ જીતી લીધા હોવાથી બેગડો કહેવાયો. એ કાળે ચાંપાનેરની ભારે જાહોજલાલી હતી. એવામાં કારમો દુષ્કાળ પડયો. લોકો મુઠ્ઠી ધાન માટે ટળવળવા લાગ્યા. ત્યારે બેગડાએ ચાંપાનેરમાં આવી મહાજન શ્રેષ્ઠિઓને બોલાવીને કહ્યું કે 'તમે વણિકો ધનાઢ્ય છો એટલે ચાંપાનેરનું મહાજન ભેગું થઈને રાજની પ્રજાને દુકાળ તરાવી દ્યો. નહીંતર 'શાહ' અટક લખવાનું છોડી દ્યો. એક માસની મહેતલ આપું છું.'

મહાજનના મોવડી ચાંપશી મહેતાએ પડકાર ઝીલી લીધો, ચાંપાનેરના મહાજને દુષ્કાળના ખરડામાં ચાર મહિનાનું ખર્ચ લખાવ્યું. અડખે પડખેના વાણિયાઓએ બીજા ૨ માસ લખાવ્યા. પછી મહાજન બાકીના છ મહિનાના ખર્ચ માટે ટીપ-ફાળો કરવા નિકળ્યું. તેઓ ઘોડા લઈને ધોળકા થઈને ધંધુકા જવા નીકળ્યા. રસ્તામાં હડાળા ગામ આવ્યું. ત્યાંનો એક લઘરવઘર વણિક મહાજનને પોતાના ઘેર લઈ ગયો. આગતા સ્વાગતા કરી. સૌને રંગેચંગે જમાડયા પછી બે હાથ જોડીને બોલ્યો : 'શેઠિયાઓ, આજથી દુકાળ તરવાની ટીપ વણિલોકજીભે એની કહેવત રમતી થઈ :

# અમદાવાદમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગમાં વધારો, મેલેરિયાના લક્ષણો સાથે દર્દીઓ હોસ્પિટલ પહોંચ્યા

અમદાવાદ શહેરમાં ગત સપ્તાહ દરમિયાન બેવડી ઋતુનો અનુભવ થયો હતો. જેમાં સપ્તાહની શરૂઆતના દિવસોમાં તાપમાનનો પારો ઊંચો ગયો હતો. બાદમાં એકાએક વરસાદ વરસતા અચાનક તાપમાનમાં ૬ થી ૭ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો. જેને કારણે રોગચાળો વકર્યો છે. ખાસ કરીને સ્વાઈન ફ્લુ અને વાઈરલ ઈન્ફેકશનના કેસમાં ધરખમ વધારો થયો છે. આ ઉપરાંત ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરજન્ય રોગમાં પણ સતત વધારો થતો રહે છે અને ગત સપ્તાહ દરમિયાન પણ આ સ્થિતિનું નિર્માણ થયું હતું. જ્યાં મચ્છર અને રોગમાં અને ચિકનગુનિયાના કેસમાં વધારો



નોંધાયો હતો.અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ગત સપ્તાહ દરમિયાન સ્વાઈન ફ્લૂના કેસમાં વધારો નોંધાયો છે. એક સપ્તાહ દરમિયાન ૬૪ દર્દીઓના લક્ષણ સાથે હોસ્પિટલમાં સારવાર અર્થે આવ્યા હતા. જેમાંથી ૧૫ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ ઉપરાંત ગત સપ્તાહમાં બેવડી ઋતુના અનુભવને કારણે પણ અમદાવાદ શહેરમાં વાઈરલ ઈન્ફેકશનના કેસમાં વધારો થયો હતો. જેને કારણે હોસ્પિટલમાં એક સપ્તાહ દરમિયાન વાઈરલ ઈન્ફેકશનના ૧,૮૬૧ કેસ નોંધાયા હતા. હાલમાં જે ઋતુ ચાલી રહી છે તેને કારણે કમળો અને ટાઈફોડ જેવા રોગનો રાફડો ફાટ્યો છે. જે અંતર્ગત સપ્તાહ દરમિયાન વાઈરલ હિપેટાઈટિસના ૧૧ અને ટાઈફોડના ૭ કેસ નોંધાયા હતા. ઉપરાંત વરસાદ વરસતા ઝાડા-ઊલટીના ૧૫ દર્દીએ હોસ્પિટલ ખાતે સારવાર લીધી હતી.ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્યમાંથી ચોમાસાએ હજુ વિદાય લીધી નથી. પરંતુ અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી વરસાદ વરસી રહ્યો નથી. પરંતુ ગત સપ્તાહના અંતમાં વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદ વરસ્યો હતો. જેને કારણે મચ્છરોની ઉત્પત્તિમાં પણ વધારો થયો છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N O G S S NO 163**
વિષય:નવલી નવરાત/ગરબો
શીર્ષક:ભવાની માં
પ્રકાર:પદ્ય રચના શબ્દ:૧૨
---------------------

★તું અંબા છે!★
★તું બહુચર!★
★તું કાલી-કાત્યાયની..★
★તું તુળજા છે,★
★તું વારાહી!★
★ખપ્પરવાલી જોગમાયા..★ (૨)
★મહામાયા તું સમાઈ સૌ માં,★
★ચોસઠ જોગણી માત તું..★ (૨)
★ગરબે રમે સૌ નરનારી,★
★નવલી આ નવરાતમાં..★ (૨)

મોટાં માટાં રથી મહારથીઓ,
જીતવા જંગ કરે ભક્તિ..
કરે અનુષ્ઠાન જાપ જપે,
ગરબે ઘૂમે નવલી નવરાતે..(૨)

અત્યાચારી અસૂર સેના!
જોઈ તને દૂર ભાગે..
ફડફડતા ગભરાતા દૈત્યો!
નમન કરે માં તુજને..(૨)

દુનિયામાં દેશો યુદ્ધે ચઢ્યાં,
જર-જમીન અને ધર્મને નામ,
દૂર કરો આતંક અવની પર !
સત્ બુદ્ધિ..સૌને આપો ભવાની માં..

સૂર્ય..ચંદ્ર..ને આભામંડળ!
નમન કરે તને માતુ ભવાની..
ઋષિ.. મુનિ.. જ્ઞાની..તપસ્વિજન!
નિત્ય જપે માં તારૂં નામ..(૨)

પ્રેમનો ગાગર મહામાયા!
મમતાનો સાગર જોગમાયા..
તું દયાની દેવી ભવાની!
અમી દ્રષ્ટિ વરસાવજે..(૨)

શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,
'મૌની'વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : 'નવલી નવરાત' 'ગરબો '
શીર્ષક : 'ગરબો' ગુજરાતની ગૌરવવંતી ઓળખ.
પ્રકાર : ગદ્ય, શબ્દ : ૩૪૮

આદ્યશક્તિ જગદંબાની આરાધનાનું પર્વ એટલે નવલી નવરાત્રી. દેશ-વિદેશ અને વિવિધ રાજ્યોમાં ખમણ ઢોકળા અને ખાખરાની સાથે ગુજરાતીઓ પોતાના ગરબાથી પણ ઓળખાય છે. દરેક કોમ પ્રાંત, રાજ્ય અને દેશને પોતાની એક સાંસ્કૃતિક ધરોહર હોય છે. ગરબો એ ગુજરાતની પરંપરાગત નૃત્ય શૈલી અને ગૌરવવંતી ઓળખ છે. ગરબાથી એક પાક્કો ગુજરાતી અલગજ તરી આવે છે.

શરદીય નવરાત્રીમા ગરબા અને રાસની રમઝટ જોવા મળતી હોય છે. આમતો ચૈત્ર નવરાત્રી પણ હોય છે.. પણ રાસ ગરબા તો શરદીય નવરાત્રીમાં જ થતા જોવા મળે. ગ્રીષ્મનું ધીમે પગલે થતું ગમન સાથે શિયાળાની ઠંડીનું આગમન..એનો સંધિ કાળ એટલે શરદ ઋતુ.ચોમાસાના ચાર મહિના ઘરમાં રહેલી વ્યક્તિ શરદી અને કફનો ભોગ બનતી હોય છે. પિત્ત પ્રકૃતિ જોર શોરમાં હોય છે.એવા સમયે આ પ્રકોપને શાંત કરવા ચંદ્રની શીતળ ચાંદનીમાં શરીરનું હલનચલન થાય,અને પરસેવા સ્વરૂપે કચરો બહાર આવી જાય એ ગરબા ગાવા પાછળનું મૂળ રહેલું જોવા મળે છે. આપણા દરેક તહેવારની પાછળ સામાજિક આનંદની સાથે ગોપીત ધાર્મિક રહસ્ય પણ છુપાયેલું છે. એટલે શરદીય નવરાત્રીમાં આકર્ષક વેશભૂષા સાથે સંગીતના તાલે ગરબાની રજૂઆત થતી હોય છે. ઘણી જગ્યાએ માત્ર સ્ત્રીઓ ગરબા ગાતી હોય છે.સૌરાષ્ટ્ર બાજુ માત્ર પુરુષોજ ગરબા ગાતા હોય એવું પણ જોવા મળે છે. "મેર"જ્ઞાતિનો મણિયારો... વિશ્વભરમાં પ્રખ્યાત છે.

માટીના છિદ્રો વાળા ઘડામાં ગર્ભદીપનું સ્થાપન થાય છે. જે પ્રકૃતિ સાથે જોડાઈને રહેવાનું સૂચન કરે છે. આપણી પરંપરાને સાચવી મર્યાદામાં રહેવાનું આ સૂચવે છે. મા અંબાના વિવિધ સ્વરૂપો છે. પ્રથમ દિવસે શૈલી પુત્રી તરીકે અને અંતમાં મહિષાસુરમર્દીની મા દુર્ગાની આરાધના સાથે આ પર્વનું સમાપન થાય છે. મા ની આરતી મનને પવિત્રતા પૂર્ણ આનંદથી ભરી દે છે. જ્યાં સ્ત્રી શક્તિને સન્માન આપવામાં આવે એનો વિકાસ અવશ્ય છે. પણ જો તેની અવદશા કરવામાં આવે તો દેવી ગણાતી સ્ત્રી ચંડીકા બની અનિષ્ટોના નાશ કરતા વાર નથી લગાડતી. એ નવરાત્રીનો સંદેશ છે.

ગરબે ઘૂમતી ગુજરાતણ ગમે તે વયે આકર્ષક જ લાગે છે. હાથની તાલીના, પગની ઠેસ મારવાની કલા એના લોહીમાં હોય છે. ફરતા ગરબાની સાથે શોખીનો વય વધવાની સાથે બેઠા ગરબાની પણ મજા માણતા હોય છે. કહેવાય છે સાક્ષાત મા જગદંબા નોરતામાં ગરબા રમવા પૃથ્વી પર આવે છે. આપણને પણ આ નવરાતમાં મા ભેગી થઈ જાય અને એમનો પ્રેમરૂપી પ્રસાદ આશિષ તરીકે પ્રાપ્ત થાય તેવી અભ્યર્થના સહ ??જયઅંબે

??.. ખ્યાતિ જીગર દેસાઈ (અમદાવાદ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 173**
વિષય -" નવલી નવરાત્રી"
પ્રકાર -ગદ્ય શબ્દો - ૨૪૮.
" ગરબો"

ગરબો શબ્દનો મૂળ અર્થ થાય છે - કાણાવાળી મટકી કે જેમાં જ્યોત પ્રગટાવીને દીવા તરીકે માતાજીની પૂજામાં મૂકવામાં આવે છે. ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'ગર્ભદીપ' પરથી આવેલો છે.ગરબા મુખ્યત્વે ગુજરાત, ભારતનો ખૂબ લોકપ્રિય ધાર્મિક લોકનૃત્યનો ઉત્સવ છે., જે આસો માસની શુક્લ પક્ષની એકમથી નોમ સુધીની તિથિઓ દરમ્યાન ગવાય છે. આ રાત્રીઓ નવરાત્રી તરીકે જાણીતી છે. આ નૃત્ય દ્વારા અંબા, મહાકાળી, ચામુંડા વગેરે દેવીઓની આરાધના કરવામાં આવે છે. આ ભારતનાં સૌથી જાણીતાં તહેવારોમાંનો એક છે. ગરબાને તાલરાસકનાં પ્રકાર તરીકે સ્વીકારતાં શ્રી ગોવર્ધન પંચાલ લખે છે કે, "ઐતરૈય આરણ્યક પરંપરાનાં અનુસંધાન રૂપે તાલરાસક તાલ વગાડીને થતો કોઈ નર્તન પ્રકાર છે". ઈ.સ.ની ૧૩મી સદીનાં શારદાતનયરાસક ને લાસક પણ કહે છે ને એ રાસક કે લાસક લાસ્ય સાથે સામ્ય ધરાવે છે. અથવા તો જો બન્ને સ્વીકારીએ તો ઉષાનાં લાસ્યને ગરબા જેવા નર્તન પ્રકાર સાથે જોડી શકાય, કારણ કે ઉપર કહેલી ઐતરૈય આરણ્યકની પ્રણાલિકા સ્ત્રીઓનાં તાલરાસક જેવા પ્રકારનો ઉલ્લેખ તો કરે છે. આમ જોતાં ગરબા જેવા કોઈ પ્રકારની નર્તન પ્રણાલિકા ગુજરાતમાં જ પ્રથમ પ્રચારમાં આવી હોય એમ દેખાય છે.'ગરબો' સંજ્ઞાની અર્થછાયાઓ ક્રમશઃ વિસ્તાર પામતી રહી. 'ગરબો લખાય', 'ગરબો છપાય', 'ગરબો ગવાય', 'ગરબે ઘુમાય', 'ગરબો ખરીદાય' આવા બધા અર્થો ગરબા શબ્દમાં સમાયેલા છે. નવરાત્રીમાં છિદ્રવાળા માટીનાં ઘડામાં દીપ પ્રગટાવીને એની સ્થાપના કરીએ, એ ઘટ તે 'ગરબો'. આ ઘટને મધ્યમાં મૂકીને, એની આસપાસ સ્ત્રીઓ ગોળાકાર ઘૂમે તે નર્તન. પછી આ નર્તન સાથે ગવાતું ગીત પણ 'ગરબો' સંજ્ઞા પામ્યું અને અંતે તો, મધ્યમાં ગરબાની સ્થાપના ના થઈ હોય તો પણ એ પ્રકારે વર્તુળાકાર થતું સામૂહિક નર્તન અને એની સાથે ગવાતું ગીત 'ગરબો' તરીકે પ્રચાર પામ્યા.
નામ- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nogss no 205**
વિષય : નવરાત્રી
શીર્ષક : આ નવરાત્રી
શબ્દ સંખ્યા ૩૦૦

આપણી ઊજળી હિન્દુ સંસ્કૃતિને જાળવી રાખતું પર્વ એટલે... નવરાત્રી.
માં ભવાની, મા અંબે, મા દુર્ગા નું આગમન એટલે તે...નવરાત્રી.
નાની બાળા ઓ માથા ઉપર ગ્ગરબા મુકીને પોતાની કાલીઘેલી ભાષામાં માતા ને રીઝવે તે ... નવરાત્રી.
ગામડે ગામડે સૌ પોતપોતાના કુળદેવીના મઢ માં
દિવા, ધુપ, ઉપવાસ કરે તે ... નવરાત્રી.
પણ અત્યારે દુઃખ તે વાત નું છે કે
તમે ડી.જે ના તાલે ઘુમો અને ફિલ્મ ના ગીતો ઊપર ડિસ્કો કરો શું તે છે આ... નવરાત્રી ?
અરે મોટા મોટા શહેરોઓમાં પાર્ટી પ્લોટમાં રમવા માટે ટીકીટ બુક કરાવી પડે શું તે છે આ ... નવરાત્રી.
અરે જ્યારે નવરાત્રી જેવા પવિત્ર શબ્દોને બદલે કોકનાં મોઢે લવરાત્રી સાંભળીને આ હિન્દુ અને ક્ષત્રિય કુળમાં જન્મ લેનાર આ પથિક ઉર્ફ વિજયસિંહ ઝાલા નું ખુન ઉકળી જાય અને સંસ્કૃતિ નું ઘોર અપમાન થાય શું તે છે આ ... નવરાત્રી.
અને એક જુઠ ને બહાર લાવી
સત્ય ને ઊજાગર કરે તેજ સાચા કવિ.
અરે નવરાત્રીના થોડા દિવસ અગાઉ ગ્ગરબાનાં કોચીગ ક્લાસ અને તેમાં રૂપિયા બરબાદ કરવા કેટલા યોગ્ય.
અરે અમુક જગ્યા એ ગરબીનાં નામમાં ચંદા ફાળા અને તેમાં પણ ટકરાવ શુ તે છે આ .. નવરાત્રી.
અરે અસુરોનો નાશ અને દેવતાઓના વિજયનો તહેવાર છે ... નવરાત્રી.
આ પથીક ની આ વાત સ્વીકાર છો તેવો છે આ પથીક ને તમારા બધા ઊપર વિશ્વાસ.....તે છે આ... નવરાત્રી.
- પથીક ઉર્ફ વિજયસિંહ બાબુભા ઝાલા
ગામ : ઢવાણા હળવદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય- નવરાત્રી
શીર્ષક- વાલમજી પ્રકારઃ પદ્ય

પ્રવિણા
આભાર - નિહારીકા રવિયા કડકિઆ

છેલ છબીલા વાલમ મારા સાંભળોને
મારે હાટુ કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
-
હો વાલમજી રે
મારે હાટુ કચછનો ઘેરદાર ઘાઘરો લાવજો
તેમાં રંગબેરંગી આભલા ટંકાવજો
કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
-
સાથે કાપડુંને ઓઢણું પણ લાવજો
તેમાં રણઝણતી ઘુઘરીઓ ટંકાવજો
કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
—
નવ વારનો ઘેઘુર ઘેર સિવડાવજો
તેમાં જાત જાતના ચાકડા ચીતરાવજો
કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
—
રેશમી સાટીનનો ઘાઘરો સીવડાવજો
તેમાં નાડાછડી પરોવી ગુંથાવજે
કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો
-
અંબા રાંદેલ કાલકા માવડી તેડાવજો
સાહેલી માની સંગે ગરબે ઘુમવા આવજો
વાલમ મારે હાટુ કચ્છનો ઘેરદાર ઘાઘરો લાવજો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :-નવલી નવરાત
શીર્ષક :-નવરાત્રીમાં 'હર્ષ'
પ્રકાર :- પધ - શબ્દ :-૧૦૬

નવ દિવસની નવરાત્રી, આમ જુઓ તો ભક્તિ;
જુદા જુદા સ્વરૂપમાં, માં દુર્ગા આપે છે શક્તિ.

રાસ, દાંડીયા ને ગરબા; ગુજરાતની છે ઓળખ,
રાતભર ગાવાનું, ખાવાનું, મોજ ને મારફાડ મસ્તી.

પહેલી રાતે માં શૈલપુત્રી, પછી માં બ્રહ્મચારિણી;
માં ચંદ્રઘટા ત્રીજે તો ચોથે માં કુષ્માંડાની સ્તુતિ.

પંચમે માં સ્કંદમાતા, છઠ્ઠે માં કાત્યાયનીની પૂજા.
સાતમે માં કાલરાત્રિ, આઠમે મહાગૌરીની આસક્તિ.

માં સિદ્ધિદાત્રીની પૂજા થાય નોમના છેલ્લા નોરતે,
કહેવાય આ તહેવાર, સનાત ધર્મની આ સંસ્કૃતિ.

ચોમેર 'હર્ષ', શેરીમાં, વાસમાં, ચોગાનમાં ને પ્લોટમાં;
★નવલી નવરાતની★ આ છે આરતી, શકિત, ઉક્તિ ને વિરક્તિ.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 368**
વિષયઃ નવલી નવરાત્રી
શીર્ષકઃ હાલો રમઝટ રમવા.
જ્યોતિ મહેતા. ''પ્રેમજ્યોતિ'' બારડોલી.
કુલ શબ્દોઃ ૬૮. પ્રકાર : પદ્ય

હાલો રમઝટ રમવા...
આવી રૂડી નવલી નવરાત, કે હાલો ગરબે રમવા,
ખેલૈયાની હારે ખેલવા, તમે હાલો ગરબે ઘુમવા.

રઢિયાળી રાતે, ગોપીની સંગે, કે હાલો રમઝટ રમવા,
ઢોલીના ઢોલે, મૃદંગના તાલે, તમે હાલો પગ પખેરવા.

હૃદયના તાલે , કે હાલો જોડીના ઉમંગે મ્હાલવા,
રાધાકૃષ્ણના રંગ, તમે હાલો ઘડીનું ભાન ભૂલવા.

દાંડિયા ના જોરે કે ઘાઘરાના ઘેરે, તમે હાલો ઘરરર ઘુમવા,
"પ્રેમજ્યોતિ" કહે ચાલ વિનુ સંગીતના સૂરે રણકવા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSSNO : 181**
વિષય : નવલા નવરાત
શીર્ષકઃ "નવરુપ નવ રસની નવ દુર્ગા છું" .. પ્રકાર : પદ્ય શબ્દો :૧૩૭

"નવરુપ નવ રસની નવ દુર્ગા છું" ..

પહેલાં નોરતે, હું સ્વયંની સાધક છું ,
સ્વર્ણિમ પ્રતિમા છું,હું માઁ આદિ શક્તિ છું ...

બીજે નોરતે જન્મ આપી જનની ,
જીવંત જગતની હું માઁ જગદંબા છું ...

ત્રીજે નોરતે સમસ્ત બ્રહ્માંડની પ્રાણ રક્ષક છું,
રાજવી આર્યા, હું રક્ષિતા માઁ રાંદલ છું....

ચોથે નોરતે હું જ્ઞાન-વિજ્ઞાનની રચેયતા છું ,
હું સંસ્કારમયી વાણીની સરસ્વતી છું ....

પંચમ નોરતે ચીર ચારિત્રની ચિત્રકાર છું
હું ચંચળચપળ બેલડી ચંડીચામુંડા છું....

છઠે નોરતે આધ્યાત્મના આરધક
અનાદિ આત્મજની હું માઁ અંબિકા છું....

સાતમે નોરતે અખૂટ અન્ન, મનની આરાધ્યા છું આરોગ્યની આત્મજા
હું અન્નપૂર્ણા છું ....

આઠમે નોરતે કામ,મોહ,લોભ વિકારોને ભષ્મીભૂત કરું છું ,કાળચક્રની કલ્પકતા હું કાલિકા છું ....

નવમે નોરતે નારીના સન્માન કરનાર ને વરનારી ,
નવરસથી ભરપૂર હું નવરુપ સુસજ્જ નવદુર્ગા છું

દસે દિશામાં જેની મહિમા ઉજાગર છે એવા અંબામાઁની પ્રેરણાથી લિખિત હું "કૌસુમી ??"છું

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 373**
વિષય :- નવલી નવરાત "ગરબો"
શીર્ષક :- નવદુર્ગા. શબ્દો :- ૧૫૦

મા નવ નવ દિવસે નવદુર્ગા રૂપે આવીને રાસ રમે...

પ્રથમ તે નોરતે મા શૈલપુત્રી રૂપે આવે.
સર્વમાં વિરાજે માતા શૈલપુત્રી સ્વરૂપે. મા નવ નવ...

બીજે તે નોરતે મા બ્રહ્મચારિણી રૂપે આવે.
બ્રહ્મ દ્વારા ઉત્પન્ન થઈ મા બ્રહ્મચારિણી સ્વરૂપે. મા નવ નવ...

ત્રીજે તે નોરતે મા ચંદ્રઘંટા રૂપે આવે.
આરાધનાની દેવી બની મા ચંદ્રઘંટા સ્વરૂપે. મા નવ નવ...

ચોથે તે નોરતે મા કુષ્માન્ડાના રૂપે આવે.
મુક્તિ આપી મનોહર રૂપે મા કુષ્માન્ડા સ્વરૂપે.મા નવ નવ...

પાંચમે તે નોરતે મા સ્કંદમાતા રૂપે આવે.
ભાગ્યદાત્રી,વિધાત્રી મા સ્કંદમાતા સ્વરૂપે.મા નવ નવ...

છઠ્ઠે તે નોરતે મા કાત્યાયની રૂપે આવે.
રિદ્ધિ સિદ્ધિ આપનારી મા કાત્યાયની સ્વરૂપે.મા નવ નવ...

સાતમે તે નોરતે મા કાલરાત્રી રૂપે આવે.
રૌદ્ર રૂપે અસુર સંહાર અર્થે મા કાલરાત્રી સ્વરૂપે.મા નવ નવ...

આઠમે તે નોરતે મા મહાગૌરી રૂપે આવે.
રાવણ વધ કરી કરોડો યોનિમાં મા મહાગૌરી સ્વરૂપે.મા નવ નવ...
નવમે તે નોરતે મા સિદ્ધિદાત્રી રૂપે આવે.
અષ્ટસિદ્ધિ પ્રદાન કરી મા સિદ્ધિદાત્રી સ્વરૂપે.મા નવ નવ..
રૂપલ દવે "રૂપ" મોરબી

# ગુજરાતના સૌથી મોટા શક્તિપીઠ અંબાજીમાં આસો નવરાત્રીનો પ્રારંભ થયો, પ્રથમ દિવસે મંદિરમાં લાંબી લાઇનો લાગી

દેશભરમાં ૩જી ઓક્ટોબરથી નવરાત્રીનો તહેવાર શરૂ થઈ રહ્યો છે. નવરાત્રી અને ગરબા એ ગુજરાતની ઓળખ છે. માતાજીના નવ દિવસના આ ઉત્સવમાં દૂર-દૂરથી ભક્તો દેવીના દર્શન કરવા આવે છે. ગુજરાતના સૌથી મોટા શક્તિપીઠ અંબાજી મંદિરમાં પ્રથમ દિવસે સવારે મંગળા આરતીમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. અંબાજી મંદિર ૫૧ શક્તિપીઠ મા અનેરૂ મહત્વ ધરાવે છે જેથી તે આદ્ય શક્તિપીઠ તરીકે ઓળખાય છે. સતીના હૃદયનો ભાગ અહીં પડ્યો હતો, તેથી આ શક્તિપીઠનું મહત્વ છે. સવારે મંદિરમાં મંગળા આરતી બાદ ૧૧:૩૦ વાગ્યે ઘટસ્થાપન કરવામાં આવ્યું હતું. સરસ્વતી નદીના પાણી સાથે મિશ્રિત માટી વડે ઝવેરા વાવવામાં આવે છે. મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવ્યા હતા. પહેલા દિવસે લાંબી લાંબી લાઈનો લાગી હતી. જાણીતા ગુજરાતી કલાકાર જીગ્નેશ કવિરાજે માતાજીનુ ભજન પણ ગાયું હતુ. ભક્તો ધજા લઈને મંદિરમાં આવ્યા હતા અને ગરબા રમ્યા હતા.અંબાજી મંદિરમાં દરરોજ ભક્તો દર્શન કરવા આવે છે, પરંતુ નવરાત્રિના તહેવાર દરમિયાન, વિવિધ ગામો અને શહેરોમાંથી ભક્તો માતારાણીના આ દરબારમાં ચોક્કસ આવે છે. મંદિરના ભટ્ટજી મહારાજ સવાર-સાંજ આરતી કરે છે, જેમાં ભક્તો મોટી સંખ્યામાં જોડાય છે. અંબાજી મંદિરમાં માતારાણીની મૂર્તિ નથી, પરંતુ વિસા યંત્રાને એવી રીતે શણગારવામાં આવે છે કે તે ભક્તોને મૂર્તિ હોય તેવું લાગે. મા અંબાના મંદિરે ૭ દિવસ માટે અલગ અલગ સવારી ના દર્શન થાય છે.માતારાણીને સવારે બાલભોગ, બપોરે રાજભોગ અને સાંજે સાયમભોગ ચઢાવવામાં આવે છે. નવરાત્રિના પ્રથમ દિવસે ઘટસ્થાપન કરવામાં આવે છે, આ વિધિ મુખ્ય મહારાજ અને અંબાજી મંદિરના બીજા મહારાજના નેતૃત્વમાં પૂર્ણ થયા પછી, બીજી નવરાત્રીથી અષ્ટમી સુધી સવારે બે મંગળા આરતી કરવામાં આવે છે. નવરાત્રિના તહેવારમાં બે મંગળા આરતીનું વિશેષ મહત્વ છે, જેમાં એક આરતી ગર્ભગૃહમાં કરવામાં આવે છે જ્યારે બીજી આરતી જ્યાં ઘટ સ્થાપના કરવામાં આવે છે ત્યાં કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન મંદિરનો સમય બદલાય છે. મંગળા આરતી સવારે ૭:૩૦ વાગ્યે થાય છે અને પછી સવારે ૧૧:૩૦ સુધી મંદિર ખુલ્લું રહે છે. બપોરે ૧૨ વાગે રાજભોગ ધરાવવામાં આવે છે, ત્યારબાદ બપોરે ૧૨:૩૦ વાગ્યે મંદિર દર્શન માટે ખુલે છે. જે ૪:૧૫ સુધી ખુલ્લું રહે છે. સાંજની આરતી સાંજે ૬:૩૦ વાગ્યે થાય છે અને પછી મંદિર ૯ વાગ્યા સુધી ખુલ્લું રહે છે.



મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક મંદિરો શૈક્ષણિક સંસ્થાઓમાં વડતાલ સ્વામિનારાયણ મંદિરને ૨૦૦ વર્ષ પૂર્ણ થતા હોય ત્યારે સાત નવેમ્બર થી ૧૫ નવેમ્બર સુધી ભવ્યાતિ ભવ્ય વડતાલ લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાશે તે અંતર્ગત દરેક સંસ્થાઓમાં પૂજ્ય મહારાજ શ્રી તેમજ વડતાલ મંદિરથી માહિતી મુજબ દરેક જગ્યાએ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું તેમાં આજે સ્વામિનારાયણ ગુરુકુળ બોટાદના માધ્યમથી બાળકો દ્વારા ગઢડા રોડ ઉપર સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું તેમજ રોડ ઉપરના ખાડાઓ માં પણ માટી પુરી અને વિદ્યાર્થીઓને ગાંધી જયંતી નું મહત્વ સાથે સાથે સ્વચ્છતા ત્યાં જ પ્રભુતા એવા સ્લોગન સાથે માર્ગદર્શન આપી અને જાતની સ્પર્ધાઓ સાથે ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી અને વિદ્યાર્થીઓએ ક્યારેય પણ હું બહાર કોઈપણ જાતનું પ્લાસ્ટિકના ઉપયોગ નહીં કરું અને પ્લાસ્ટિક મારા દ્વારા એવું પણ શપથ વિધિ કરવામાં આવી હતી

# શકિતની આરાધનાના પર્વ નવરાત્રિની ગાંધીનગર લોકસભા ક્ષેત્ર તેમજ સમસ્ત દેશવાસીઓને શુભકામનાઓ પાઠવતા ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ




ગાંધીનગર લોકસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ.૪૪૭ કરોડના કુલ ૮૮ પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પૂર્વે તેઓએ ગાંધીનગર લોકસભા સ્વસ્થ લોકસભા અંતર્ગત ચાણક્યપૂરી ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પનું ઉદ્ઘાટન, સોલા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ટેલી રીહેબિલિટેશન સેન્ટર અને સાઉન્ડપ્રૂફ રૂમ, ગોતા ખાતે અ.મ્યું.કો દ્વારા નવનિર્મિત શાકમાર્કેટ તેમજ ભાડજ પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યું હતું.કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે શક્તિના ચરણોમાં પ્રણામ કરી નવ દિવસના શકિતની આરાધનાના પર્વ નવરાત્રિની સમસ્ત નાગરિકોને શુભકામનાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, નવરાત્રિ દરમિયાન સમગ્ર વિશ્વમાં સનાતન ધર્મના અનુયાયીઓ સત્વ, જ્ઞાન અને શક્તિનો સંચય કરવાનું કાર્ય કરે છે. નવરાત્રી ગુજરાત અને વિશ્વભરમાં ઉજવાય છે અને તેમાંય ગુજરાતની નવરાત્રિનો લ્હાવો વિશેષ છે, એવું કહેવાય છે કે જો ગુજરાતની નવરાત્રિ નથી જોઈ તો ગુજરાતને સંપૂર્ણ રીતે ઓળખ્યું નથી.શ્રી શાહે અમદાવાદના સહુ નાગરિકોને આવતા વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં અમદાવાદને સમગ્ર દેશમાં સૌ પ્રથમ ક્રમાંક હાંસલ કરાવવાનો સંકલ્પ લઈ અ. મ્યુ. કો ને સહકાર આપવા અનુરોધ કર્યો હતો. તેઓએ જણાવ્યું કે, મહાત્મા ગાંધી પછી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વાસ્થ્ય સાથે જોડાયેલ સ્વચ્છતા અને શૌચાલયની સમસ્યાને જનઆંદોલન બનાવ્યું. મોદીજી દેશના પ્રથમ પ્રધાનમંત્રી છે જેઓએ લાલ કિલ્લા પરથી શૌચાલય બનાવવાના અભિયાનની વાત કરી. સ્વચ્છતા માત્ર પરિપત્ર થી જ નહી પણ સંસ્કારથી આવે તે યથાર્થ કરવાનું કાર્ય મોદીજીએ કર્યું છે. મહાત્મા ગાંધી અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છતાના સંસ્કાર દેશભરમાં પ્રસરાવ્યા છે.શ્રી શાહે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ભાડજમાં આધુનિક શાળા બનાવવાનું કાર્ય પૂર્ણ થયું છે તે માટે મેયર અને શિક્ષણ સમિતિને ધન્યવાદ પાઠવ્યા હતાં અને જણાવ્યું હતું કે, ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે તેમાં કોઈ શંકા નથી. અમદાવાદ શહેરમાં સમાવિષ્ટ ગાંધીનગર લોકસભા ક્ષેત્રની તમામ પ્રાથમિક શાળાઓને આદર્શ બનાવવાનું કાર્ય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કર્યું છે. ગરીબ ઘરના અને અનેક દ્વિધા થી ઘેરાયેલા પરિવારના બાળકને પણ સારી શિક્ષણ સુવિધાથી આત્મવિશ્વાસ આવે છે તેની અનુભૂતિ પ્રત્યક્ષ રૂપથી આજે બાળકો સાથેના સંવાદ થકી કરી છે. છસ્ઝ દ્વારા પ્રાથમિક શાળાઓ અને શિક્ષણનું સ્તર સુધારાયું છે તે બદલ અભિનંદન પાઠવું છું. સારા શિક્ષણ થકી બાળકોના વ્યક્તિત્વના નિર્માણનું કાર્ય દેશને બહુ મોટી સેવા પૂરી પાડશે.શ્રી શાહે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૬ વર્ષમાં ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં રૂ. ૨૩,૯૫૧ કરોડના કામો મંજુર થયા છે આ સિવાય રૂ.૧૪ હજાર કરોડના કાર્યોની ભેટ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે મળી છે આમ વિવિધ ક્ષેત્રે કુલ રૂ. ૩૭ હજાર કરોડથી વધુના વિકાસકાર્યો ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં થયા છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની જોડી ગુડ ગવર્નન્સની પ્રેરક છે જેના પરિણામે જનતાએ સતત ત્રીજી વખત દેશમાં સુશાસનનું દાયિત્વ સોંપ્યું છે. સુરાજયની નીતિ રિતીને ધરાતલ પર સાકાર કરતો આજનો આ અવસર છે. આજે આરોગ્ય, શિક્ષણ અને જનસુવિધાના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયું છે. ફક્ત જાહેરાતો જ નહી પણ સાચા અર્થમાં નાગરિકોનું જીવનસ્તર ઉપર આવે તે શ્રી મોદીજીનો પ્રયાસ રહ્યો છે.આ કાર્યક્રમમાં રાજય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, મેયર પ્રતિભાબેન જૈન, સાંસદશ્રીઓ એચ. એસ. પટેલ, નરહરિભાઈ અમીન, દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રીઓ, ડે. મેયર, સ્ટે. કમિટી ચેરમેન, સબંધિત અધિકારીગણ, અગ્રણીશ્રીઓ અને મોટી સંખ્યામાં નાગરિક ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

## રાજ્યમાં ૧૯૦૩ સ્ટાફનર્સની ભરતી કરાશે

## રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલ માટે સીધી ભરતી થી સ્ટાફનર્સની ભરતી કરાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૧૯૦૩ સ્ટાફનર્સની ભરતી કરવાનો નિર્ણય કરાયો છે. રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી હોસ્પિટલમાં સીધી ભરતીથી આ સ્ટાફનર્સની ભરતી કરીને નિમણૂંક કરવામાં આવનાર છે.આ જગ્યાઓ માટે તા. ૫ ઓક્ટોબર બાદ ઓનલાઇન અરજી પ્રક્રિયા શરૂ થશે. ‘ત્નઈજી પ્લેટફોર્મના માધ્યમથી લાયક ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષાના પરિણામ અને પસંદગી યાદી પ્રસિધ્ધ કરી ડોક્યુમેન્ટ ચકાસણી કરવામાં આવશે. ડૉક્યુમેન્ટ્સ ચકાસણીના અંતે આખરી મેરિટ યાદી પ્રસિધ્ધ કરાશે. આખરી મેરીટ યાદીમાં સમાવેશ થતા ઉમેદવારોને સંપૂર્ણપણે પારદર્શી પ્રક્રિયા હાથ ધરીને નિમણૂંક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, રાજ્યમાં ૧૦ વર્ષ પહેલા સ્ટાફનર્સ વર્ગ- ૩ ની કુલ – ૭૭૮૫ જગ્યાઓ મંજૂર કરાઇ હતી. જે મંજૂર જગ્યાઓમાં સમયાંતરે જરૂરિયાત પ્રમાણે વધારો કરવામાં આવ્યો છે.હાલમાં રાજ્યના વિવિધ આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલમાં કુલ ૧૨,૧૦૧ જગ્યાઓ મંજૂર છે. રાજ્યમાં છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૭૭૩૨ સ્ટાફ નર્સ વર્ગ-૩ ની જગ્યાઓ સીધી ભરતી દ્વારા ભરવામાં આવી છે. સ્ટાફનર્સની બઢતી / વયનિવૃત સહિતના વિવિધ કારણે ખાલી પડતી જગ્યાઓ ભરવા દર બે વર્ષના અંતરે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

## ડાંગ વન વિભાગ દ્વારા ’વન્ય પ્રાણી સપ્તાહ’ની ઉજવણી કરાઈ

આહવા

ડાંગ જિલ્લામા ઉત્તર અને દક્ષિણ વન વિભાગ દ્વારા, તારીખ ૨જી ઓક્ટોબરથી ૮મી ઓક્ટોબર-૨૦૨૪ દરમિયાન, વન્ય પ્રાણી સંરક્ષણ અને સંવર્ધન બાબતે જનજાગૃતિ કેળવવાના હેતુસર, સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ કામગીરીનુ આયોજન કરવામા આવ્યુ છે.

‘વન્ય પ્રાણી સપ્તાહ‘ની ઉજવણી પ્રસંગે તારીખ ૨જી ઓક્ટોબરના રોજ, ઉત્તર વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીના માર્ગદર્શન હેઠળ, સુબીર તાલુકાના મુખ્ય મથકે શિંગાણા, સુબીર, લવચાલી, અને પીપલાઈદેવી રેંન્જ તેમજ બરડીપાડા, અને કાલીબેલ રેંન્જ સાથે મળીને કાલીબેલથી ગોદડિયા પુલ સુધી બાઈક રેલી યોજવામા આવી હતી.

ઉપરાંત તારીખ ૨જી ઓક્ટોમ્બરે ‘સ્વચ્છતા અભિયાન‘ અંતર્ગત ભેંસકાતરીના માયાદેવી ખાતે, રેંન્જકર્મીઓ દ્વારા સાફ સફાઇ હાથ ધરવામા આવી હતી.

આ ઉપરાંત દક્ષિણ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી રવિ પ્રસાદના માર્ગદર્શન હેઠળ પણ પ્રવાસન સ્થળોએ જુદાં જુદાં કાર્યક્રમો યોજીને વન્ય પ્રાણી સંરક્ષણ તથા સંવર્ધન અંગેની સમજણ આપી, રેલી યોજવામાં આવી હતી.



નારી એક રૂપ અનેક જેમા દિકરી. બહેન .પુત્રવધુ .માતા.સાસુ આ કાર્યક્રમ મા ૫ વર્ષ થી ૪૫ વર્ષ ની યુવતી મહિલા દ્વારા પર્ફોર્મિન્સ કરવા મા આવશે જેમા સ્ત્રી શક્તિ .કૃપા સેમિક્લાસિકલ નૃત્ય જાણકાર .મહિલાઓ ની આધ્યાત્મિક ભાવનાત્મક કથાઓ રજૂકરી નારી સશક્તિકરણ ના સંદેશ ને સ્થાપિત કરે છે આ કાર્યક્રમ કોશા ના ડાયરેકટર કોમલ ઠક્કર ત્રિવેદી .સ્નેહલ દવે દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ આ પ્રસંગે આમંત્રિત મહેમાનો સાબરમતી વિધાનસભા ધારાસભ્ય શ્રી વેજલપુર વિધાનસભા ધારાસભ્ય.મહિલા મોરચા. પ્તિદાસ.પત્રકાર .શિક્ષક.કોમેડિયન સંગીતકાર રુશિ વકીલ મહિલા જર્નાલિસટ લેખિકા તેમજ આમંત્રિત લોકો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

## અગ્નિકાંડ બાદ રાજકોટ ફાયર વિભાગ રામ ભરોસે!

## ફાયર ઓફિસરનો ચાર્જ સાંભળવા અધિકારીઓનો ઈનકાર

અગ્નિકાંડ બાદ ફાયર વિભાગમાં ઉથલપાથલ યથાવત છે. રાજકોટ ફાયર વિભાગમાંથી વધુ એક ઉચ્ચ અધિકારીએ રાજીનામું આપી દીધું છે. મનપાના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેએ રાજીનામું આપી દીધું છે. જોકે, ઈં અગ્નિકાંડ બાદ ફાયર ઓફિસરનો ચાર્જ સાંભળવા કોઈ તૈયાર નથી. મનપામાં અત્યાર સુધી એક પછી એક ૧૫ જેટલાં અધિકારીઓએ રાજીનામું આપી દીધું છે.

અધિકારીઓના રાજીનામાના કારણે રાજકોટ મહાનગરપાલિકાનો ફાયર વિભાગ રામભરોસે ચાલી રહ્યો છે. ઈસ્ઝના ફાયર વિભાગનો ચાર્જ સંભાળવા કોઈ તૈયાર નથી. જામનગર અને અમદાવાદના ફાયર અધિકારીએ પણ રાજકોટની જવાબદારી સ્વીકારવાની ના પાડી છે અને હવે રાજકોટ મનપાના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે પણ રાજીનામું આપી દીધું છે.

રાજકોટ મહાનગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેએ રાજકોટના મ્યુનિસિપલ કમિશનરને રાજીનામું આપતાં, પત્રમાં લખ્યું કે, ‘હું મારા પારિવારિક પ્રશ્નોને કારણે રાજીનામું આપું છું. મને બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ જેવી બીમારી થઈ ગઈ છે. વર્કલોડ વધુ હોવાને કારણે પણ તણાવ રહે છે. ફાયર બ્રિગેડમાં સ્ટાફનો અભાવ હોવાના કારણે કામનું ભારણ વધી જાય છે. સ્ટાફમાં મંજૂરી કરતાં ૨૫ થી ૩૦ ટકા માણસો અને ફાયર સેફ્ટીના સાધનોની પણ ઘટ છે. હું કોઈ રાજકીય દબાણથી નહી પણ મારા પારિવારિક કારણોથી રાજીનામું આપી રહ્યો છું.‘

જોકે, હવે રાજકોટમાં ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરની જવાબદારી સ્વીકારવા કોઈ તૈયાર નથી. વર્ગ ત્રણના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરની જવાબદારી સ્વીકારનાર અમિત દવેએ પણ જવાબદારીમાંથી મુક્તિ માંગી છે. જામનગર અને અમદાવાદના ફાયર અધિકારીઓએ પણ રાજકોટની જવાબદારી સ્વીકારવાનો ઈનકાર કર્યો છે.

## સહાય ફાઉન્ડેશનના પ્રમુખશ્રી જીગરભાઈ પટેલના નિવાસસ્થાનેથી કેસરિયા ગરબા ગ્રાઉન્ડ સુધી વાજતે ગાજતે ભવ્ય શોભયાત્રા યોજાઈ



સહાય ફાઉન્ડેશન એક અખબારી યાદીમાં જણાવે છે કે, અંબાજીથી લાવેલ “માં અંબા×ની દિવ્ય અને પવિત્ર જયોત તેમજ માતાજીની મૂર્તિને પ્રથમ નોરતે સહાય ફાઉન્ડેશનના પ્રમુખશ્રી જીગરભાઈ પટેલના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે ભવ્ય શોભયાત્રા સ્વરૂપે કેસરિયા ગરબા પરિસર ખાતે લાવી વિધિવત સ્થાપના કરવામાં આવી હતી. આ તકે ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્ટે. કમિટી ચેરમેન ગૌરાંગ વ્યાસ, શ્રી કેતનભાઈ પટેલ, ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, નગરસેવકો, સહાય પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.




## સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટુ ગાબડું, રોકાણકારોએ ૧૦ લાખ કરોડ ગુમાવ્યા

ઈરાન-ઈઝરાયલ યુદ્ધની વણસતી સ્થિતિ વચ્ચે શેરબજારમાં આજે મોટો કડાકો જોવા મળ્યો છે. વિદેશી રોકાણકારોની મોટાપાયે વેચવાલી અને સેબી દ્વારા એફએન્ડઓના નિયમોને આકરા કરવાની જાહેરાતની અસર પણ સેન્સેક્સ અને નિફ્ટી પર જોવા મળી છે. સેન્સેક્સ આજે ૧૮૩૨.૨૭ પોઈન્ટના ગાબડાં સાથે ૮૨૪૩૨.૦૨ની બોટમે પહોંચ્યો હતો. અંતે ૧૭૬૯.૧૯ પોઈન્ટ તૂટી ૮૨૪૯૭.૧૦ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૬૬.૬ પોઈન્ટ તૂટી ૨૫૫૦૦ની અતિ મહત્ત્વની સપાટી ગુમાવી હતી. અંતે ૫૪૬.૮૦ પોઈન્ટના કડાકા સાથે ૨૫૨૫૦.૧૦ પર બંધ રહ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસથી રોકાણકારોને લીલા લહેર કરાવનાર શેરબજારે આજે રાતા પાણીએ રોવડાવ્યા છે. ગઈકાલની રજા બાદ આજે માર્કેટમાં મોટો કડાકો નોંધાતા મૂડીમાં રૂ. ૯.૭૪ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે. બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૪૦૭૨ શેર્સ પૈકી ૨૮૬૪ શેર્સ ઘટાડે બંધ રહ્યા હતા. જ્યારે ૧૧૨૦ શેર્સ ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા.સાર્વત્રિક વેચવાલીના માહોલ સાથે મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨ ટકા સુધીનું ગાબડું નોંધાયુ હતું. મેટલ સિવાય તમામ કોર સેક્ટર ઈન્ડાઈસિસ ૧થી ૨.૫૦ ટકા સુધી તૂટ્યા હતા. રિયાલ્ટી ઈન્ડેક્સ સૌથી વધુ ૪.૬૨ ટકા કડાકા સાથે ટોપ લૂઝર રહ્યો હતો. વોલેટિલિટી ઈન્ડેક્સ ૧૦ ટકાથી વધુ તૂટ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.